ગાંધીનગર સમાચાર

## હવામાન પલ્ટા સાથે વરસાદની આગાહી



(તસવીર : દિપક જાની)

નગરની ઓળખ - ચ-પનો ફુવારો... એટલે ઉનાળામાં ગાંધીનગર માટે હૉટફેવરીટ સ્થળ... માર્ચ-એપ્રીલ આવે એટલે ગાંધીનગરાઓ પરિવાર સાથે ચ-પના ફુવારે બેસવા જાય... આ વાત એકાદ બે વર્ષની નથી... પરંતુ ૩૦ વર્ષથી ગાંધીનગરના ઘરેઘરમાં ગાજતી અને ગુંજતી વાત છે... કાળક્રમે સ્થળો બદલાયા... પરંતુ ચ-પના ફુવારાનો મહિમા આજે પણ ગાંધીનગર માટે અકબંધ છે... જ્યારે જ્યારે ગરમીનો પારો ઉંચો ચડતો જાય અને ફુવારાની અનિવાર્યતા વધતી જાય ત્યારે ત્યારે ફુવારો બંધ પડ્યો હોય એવી તસવીર પણ અખબારોમાં બે દાયકાથી છપાતી રહી છે... કોણ જાણે કેમ ગાંધીનગરના લાડકા સ્થાનને કોની નજર લાગી ગઈ છે...

# ગરમીનો પારો ૩.૫ ડિગ્રી ગગડ્યો

### મહત્તમ તાપમાન ૪૪.૫ ડિગ્રી નોંધાયુ : સદીની રેકર્ડ બ્રેક ગરમીના અંતે મહત્તમ તાપમાનમાં ઘટાડો : ગરમીમાં આંશિક રાહત લઘુત્તમ તાપમાન પણ બે ડિગ્રી ઘટયુ

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં ગઈકાલે ગરમીનો પારો ૪૮ ડીગ્રી એ પહોંચી જતા સદીની વિક્રમજનક ગરમી નોંધાઈ હતી. સતત છેલ્લા ૨૦ દિવસથી ગરમીનો પારો ૪૩ ડી ગ્રી થી નીચે ન આવતા નગરજનો ગરમીથી અકળામણ અનુભવી રહયા છે. ગઈકાલની આક્રમક ગરમીના અંતે આજે ગરમીનો પારો ૩.૫ ડીગ્રી નીચે ઉતરતા શહેરીજનોએ ગરમીના પ્રમાણમાં થોડી રાહત અનુભવી હતી. જો કે આજે પણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૪૪.૫ ડીગ્રી રહેતા અગ્નજવાળે સૌ કોઈને બેબાકળા કરી દીધા હતા.

સમગ્ર રાજયમાં ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે.આકરી ગરમીના લીધે નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ છે. સતત ગરમીના લીધે નાગરિકોના જનઆરોગ્ય પર વિપરિત અસર થતા રહીશો લું , ડીહાઈડ્રેશન તેમજ ઝાડા ઉલ્ટીનો શિકાર બની રહયા છે. સનસ્ટ્રોકથી બચવા માટે સેકટરવાસીઓ ઘરની બહાક નિકળવાનુ ટાળી રહયા છે. છેલ્લા ૨૦ દિવસથી હીટવેવ યથાવત રહેતા ગરમીનો પારો દિનપ્રિતિદિન ઉંચો આવી રહયો છે. જેના પરિણામે ગઈકાલે નગરમાં સદીની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. અત્યાર સુધીના તમામ રેકર્ડ તોડી ગરમીનો પારો ૪૮ ડીગ્રી એ પહોંચી જતા નગરમાં ગરમીના કહેરે હાહાકાર મચાવ્યો છે. આકરી ગરમીએ નગરના જનજીવનને પણ સુન્ન કરી દીધુ છે.

દિવસ દરમિયાન નગરના માર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં સુનકાર જોવા મળી રહયો છે.એકબાજુ વેકેશનની સીઝનની સાથે ગરમીની મૌસમ નિખરતા શહેરમાં દિવસ દરમિયાન સદંતર ખાલીપો જોવા મળે છે. જો કે આજે ગરમીનો મિજાજ થોડો હળવો થયો હતો. ગરમીનો પારો ૪૮ ડી ગ્રી એ થી નીચે ઉતરી ૪૪.૫ ડી ગ્રી એ પહોંચી ગયો હતો. એક જ દિવસમાં ગરમીનો પારો સાડા ત્રણ ડી ગ્રી ઘટતા આમ નાગરિકોએ ગરમીમાં રાહત અનુભવી હતી. જો કે ગરમીનો પારો આજે પણ ૪૪ ડી ગ્રીને પાર રહયો હતો. જયારે લઘુત્તમ તાપમાન બે ડિગ્રી ઘટાડા સાથે ૨૯ ડી ગ્રી નોંધાયુ હતુ.



(તસવીર : દિપક જાની)

# સ્માર્ટ વિલેજની પ્રથમ યાદી જૂન કે જુલાઈમાં સરકાર ઘોષિત કરશે

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યમાં ગામડાને તુટતા બચાવવા અને શહેરીકરણની સમસ્યાને હળવી બનાવવા રાજ્ય સરકાર દ્વારા દેશમાં પ્રથમવાર સ્માર્ટ વિલેજનો નવતર અભિગમ સાથે ગ્રામીણ અર્થતંત્રને નવી દિશા આપવા માટે એક મહત્વનું કદમ રવિવારે ભરશે.

ગ્રામ્ય વિસ્તાર સ્માર્ટ અર્થાત સમરસ, સ્વસ્થ અને સ્વનિર્ભર તેમજ સુવિધાસભર બની રહે તેવી કલ્પના સાથે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ કેન્દ્રીય મંત્રી બિરેન્દ્રસિંઘ ચૌધરીની ઉપસ્થિતિમાં આ યોજનાની વિધિવત્ ઘોષણા કરવાના છે.

સ્માર્ટ વિલેજ રાજ્યમાં પ્રથમ તબક્કામાં ૩૦૦ બનાવવાનો લક્ષ્યાક આ વર્ષના અંદાજપત્રમાં રાખવામાં આવ્યો છે. પ્રથમ તબક્કામાં સમાવિષ્ટ પામનાર ગામોની પ્રથમ યાદી સરકાર દ્વારા જૂનના અંતમાં અથવા જુલાઈના પ્રથમ પખવાડિયામાં કરશે તેમ પંચાયત વિભાગના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

સ્માર્ટ વિલેજની પસંદગી માટે રાજ્ય સરકારે થોડાક આકરા માપદંડો રાખી ગ્રામ્ય વિસ્તારોની પંચાયતોમાં સ્પર્ધાનું તત્વ દાખલ કરવાનો પ્રયાસ કર્યો છે. સ્વચ્છતા, સ્વસ્થતા, શિક્ષણ, આરોગ્ય તેમજ અન્ય સુવિધાઓને આવરી લઈ ગ્રામીણ સ્તરને ૨૧મી સદીની વિચારધારા સાથે ભેળવવાનો પ્રયોગ હાથ ધર્યો છે તેમ પણ કહી શકાય.

રાજ્ય સરકાર સ્માર્ટ વિલેજ બનાવવા માટે રૂ. ૫૦ લાખથી લઈ રૂ. એક કરોડ સુધીની ગ્રાન્ટ આપશે એટલુ જ નહિ આ પ્રોજેક્ટ તૈયાર કરવા માટે પંચાયતને રૂ. પાંચ હજારની સહાય પણ વધારાની ચુકવશે.

રાજ્ય સરકારે સ્માર્ટ વિલેજ માટે જિલ્લાકક્ષાએ તેની પસંદગી માટે પાંચ સભ્યોની સમિતિ બનાવી છે. મળતી વિગતો પ્રમાણે મે ના અંત સુધીમાં તાલુકા કક્ષાએથી પંચાયતોની અરજી મેળવવામાં આવશે જેની તાલુકા કક્ષાએથી ચકાસણી કરી જિલ્લામાં મોકલવામાં આવશે.

જિલ્લા કક્ષાએ તો અરજીઓમાંથી તાલુકામાંથી એક ગામની પસંદગી કરી રાજ્યકક્ષાએ મોકલવાની રહેશે. આ પછી સરકાર દ્વારા સ્માર્ટ વિલેજ અંગેની પસંદગી યાદી જાહેર થશે.

સ્માર્ટ વિલેજ પ્રોજેક્ટ એ વર્તમાન સરકારનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. જે ગ્રામીણ જનજીવનનું આર્થિક સ્તર ઉંચુ આવે તેવો અભિગમ છે. સ્માર્ટ વિલેજના નિર્માણ માટે એક અલગ સોસાયટીની રચનાનો પણ સરકારે નિર્ણય કર્યો છે.

# હવામાન પલ્ટા સાથે વરસાદ આવે : અંબારામ પટેલ

### એકાદ દિવસમાં વાદળિયા વાતાવરણ સાથે ધુળની આંધી પણ આવે : વિધિવત ચોમાસાને હજુ વાર છે

ગાંધીનગર તા ૨૦

ગરમીએ હદ વટાવી છે ત્યારે દિવસ દરમિયાન આકાશમાંથી વરસતી અગ્નજવાળે નગરજનોને બેબાકળા કરી દીધા છે. ત્યારે ગરમીનુ જોર ઘટે અને વાતાવરણ પલ્ટો આવે તે માટે પણ સૌ કોઈની નજર આકાશ તરફ મંડરાઈ છે. હવામાન તજજ્ઞોના મત મુજબ ચોમાસાની વિધિવત શરૂઆતને હજુ વાર છે. પરંતુ આકરા તાપ વચ્ચે ગમે ત્યારે પ્રિ મોનસુન વરસાદ થઈ શકે છે. ૨૩ મેં સુધીમાં વાદળછાયા વાતાવરણ સાથે ધુળની આંધી આવે તેવી પણ સંભાવના છે. જયારે તા ૨૭ મેં થી ૬ જુન દરમિયાન રાજયના કેટલાક ભાગોમાં એક થી બે ઈંચ વરસાદ થાય તેવી પણ શક્યતા હવામાન શાસ્ત્રીએ વ્યકત કરી છે. સમગ્ર રાજય હાલ હીટવેવની ઝપટે ચઢયુ છે. ત્યારે આગામી ચોમાસા તરફ સો કોઈની મીટ મંડરાઈ છે. જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ સામાન્ય રીતે ગરમી વધુ પડે ત્યારે ચોમાસુ સારુ હોવાનુ માની શકાય જયાં સુધી પૃથ્વી તેમજ આકાશનુ વાતાવરણ ઠંડુ ન થાય ત્યાં સુધી હવાના દબાણના લીધે અણધાર્યો વરસાદ થઈ શકે છે. સામાન્ય રીતે વૈશાખ મહીનામાં દરિયો ગોરંભાતા ઝાકળી વાદળો આવતા હોય છે. જે ચોમાસાના ભેજને ધીરે ધીરે વધારાતા હોય છે. આવા કોરમણીના વાદળો હજુ જણાતા નથી. પૃથ્વી અને આકાશનુ વાતાવરણ વરસાદ વરસાવી શકે તેવુ ઠંડુ થયુ નથી. હાલમાં કૃતિકા નક્ષત્રમાં શુક્રનુ ભ્રમણ છે. જે દક્ષિણ ભારતમાં પ્રભાવી રહેતા તમિલનાડુ સહીતના વિસ્તારોમાં ચક્રવાતી વરસાદ લાવી રહયો છે. ૨૭ મેં આસપાસ કેરળ કાંઠે ચોમાસુ આવે તેવી સંભાવના છે. જયારે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં તા ૨૦ થી ૨૩ મેં વાદળિયા વાતાવરણ અને આંધી સાથે કેટલાક ઠેકાણે વરસાદ થાય તેવી સંભાવના છે. તા ૨૭ મેં થી ૬ જુન દરમિયાન રોહીણી સુર્યનક્ષત્રમાં રાજયના દક્ષિણ ભાગોમાં વરસાદ થાય તેવી સંભાવના છે. હવામાન પલ્ટા સાથે વરસાદનુ આગમન થાય તેવી શકયતા છે.પરંતુ વિધિવત ચોમાસાને હજુ વાર છે.

# સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંગે આજે વર્કશોપ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સીટી પ્રોજેક્ટના બીજા તબક્કામાં પસંદગી થાય તેના માટે પ્રજાજનો અને સ્વૈચ્છીક, સામાજિક સંસ્થાઓ પાસેથી સૂચનો મેળવી પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા આજે એક વિશેષ વર્કશોપનું આયોજન કર્યું છે.

ઈન્ફોસીટી રિસોર્ટ કલબ ખાતે યોજાનાર આ સેમિનાર અંગે તંત્રએ તેની સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી છે. લોકો પાસેથી સૂચનો મેળવવા માટેના હોર્ડિંગ્સ લગાવ્યા બાદ તેને મળેલા સારા પ્રતિસાદ બાદ હવે વર્કશોપનું આયોજન હાથ ધર્યું છે.

૨૦૧૬-૧૭ માટે બીજા તબક્કાના વીસ શહેરોની પસંદગી અંગેની કાર્યવાહી કેન્દ્ર સરકાર દ્વારા ફાસ્ટટ્રેકમાં હાથ ધરવામાં આવી છે ત્યારે મહાનગરપાલિકા દ્વારા પણ આ અંગેની દરખાસ્ત ઝડપથી તૈયાર કરવામાં આવનાર છે.

ગાંધીનગર શહેર ગત વર્ષે ૪૩મા ક્રમે આવ્યુ હતુ જેમાં હજુ ઘણુ બધુ કરવાનું બાકી છે ત્યારે આ વખતે તંત્ર પસંદગીમાં નંબર લાગે તે માટે કટિબદ્ધ બની અને મહેનત પર તેનુ ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટ માટે મનપાના તંત્ર દ્વારા લોકોની ભાગીદારી વધે તેના પર ખાસ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. મનપા દ્વારા સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંગે એક ખાસ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરવામાં આવ્યુ છે જે આ સેમિનારમાં દર્શાવવામાં આવનાર છે.

## જાહેર નિવિદા

માહિતી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા ૪ જી.બી.ની ડી.વી.ડી. (કવર સાથે) ખરીદવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવે છે. ટેન્ડરની નકલો જાહેર રજાના દિવસો સિવાય નાયબ નિયામકશ્રી, હિસાબી શાખા, માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનો રૂબરૂ સંપર્ક કરવાથી તા. ૩૦/૫/૨૦૧૬ સુધીમાં સવારે ૧૧.૦૦ વાગ્યાથી બપોરે ૨.૦૦ વાગ્યા દરમિયાન રૂ. ૫૦૦/- રોકડા ચૂકવ્યેથી મળી શકશે.

માહિતી/૪૨૭/૨૦૧૬-૧૭ — માહિતી નિયામક

## ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ



સ્વ. જગદીશચંદ્ર શંકરલાલ દવે

''વૈશાખ સુદ-૧૫''

આપના વટવૃક્ષ જેવી શિતળતા, સિંહ જેવી ખુમારી, સ્તંભ જેવા મજબૂત રહ્યા.. મિત્રો અને પરિવાર સાથે સુખ-દુ:ખમાં ભાગીદાર થયા. નિઃસ્વાર્થ ભાવે મદદરૂપ થયા.

પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્યા આત્માને શાંતિ આપે અને કુટુંબીજનો માટે સદાને માટે આશીર્વાદ વહેતા રહે તેવી પ્રાર્થના સાથે હ્રદયરૂપી શ્રદ્ધાંજલિ આપને અર્પણ કરીએ છીએ...

લી.

ગં.સ્વ. શર્મિષ્ઠાબેન જે. દવે

જતીન જગદીશચંદ્ર દવે (પુત્ર) — ધર્મા જે. દવે (પૂત્રવધૂ)
તૂષાર જગદીશચંદ્ર દવે (પુત્ર) — રીપા ટી. દવે (પૂત્રવધૂ)
હેમંત જગદીશચંદ્ર દવે (પુત્ર) — યોગીની એચ. દવે (પૂત્રવધૂ)
તથા દૃષ્ટિ અને વેદાંશી (પૌત્રી)
(સમસ્ત દવે પરિવાર, ગાંધીનગર)

## ધી ગુજરાત સ્ટેટ પેન્શનર્સ વેલ્ફેર કો.ઓ. ક્રેડીટ સોસાયટી લી.

રજીસ્ટ્રેશન નં. ક્રમાંક/નોધણી/સે.૪૪૫૮૧/તા. ૨૯/૭/૧૫
કાર્યાલય : પ્લોટ નં. ૧૭૦/એ/૧, સેક્ટર-૭સી, ગાંધીનગર

### હોદ્દેદારોની વરણી

શ્રી મહેન્દ્ર પી. ભાવસાર - ચેરમેનશ્રી

| વાઈસ ચેરમેનશ્રીઓ | સી.ઈ.ઓ.શ્રી |
|---|---|
| શ્રી કેસરીસિંહ જી. બિહોલા | શ્રી જે. એમ. પરમાર |
| શ્રી જીતેન્દ્ર જે. ત્રિવેદી | શ્રી અનિલભાઈ બી. પટેલ |
| શ્રી એ. એન. મનસુરી | શ્રી એચ. એન. મનસુરી |
| શ્રી અરવિંદભાઈ ક્રિશ્ચિયન | શ્રી દિનેશચંદ્ર એન. પંડ્યા |
| શ્રી જે. સી. પટેલ | શ્રી શિવપ્રસાદ એસ. રાવલ |
| શ્રી આબિદખાન સી. પઠાણ | શ્રી નાનકભાઈ વી. કટારા |
| શ્રી દુષ્યંતકુમાર બી. શ્રીમાળી | શ્રી દશરથગિરિ ડી. ગોસ્વામી |
| શ્રી કે. યુ. ચાવડા | શ્રી રશ્મિનભાઈ ડી. ત્રિવેદી |

## જોઈએ છે


ગાંધીનગર સ્થિત પ્રખ્યાત રેસ્ટોરન્ટ માટે રિસેપ્શન કાઉન્ટર સંભાળી શકે તેવા કોમ્પ્યુટરના જાણકાર જોઈએ છે.

સંપર્ક કરો : ૯૮૨૪૨ ૩૩૧૨૧

## પ્રેરણા વિદ્યાલય

ધો.૧૦ અને ૧૨ના ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવે છે.
ધો.૧૧ તથા ધો.૧૨ આર્ટસ/કોમર્સમાં પ્રવેશ ચાલુ છે.
મર્યાદિત સંખ્યા, બાળકોના સર્વાંગી વિકાસ પ્રત્યે પુરતું ધ્યાન આપતી, વ્યાજબી ફી ધોરણવાળી એકમાત્ર પ્રતિષ્ઠિત સંસ્થા
(બાલમંદિર થી ધો.૧૦માં પ્રવેશ ચાલુ છે)
પ્લોટ નં. ૩૪૦, સેક્ટર-૫/એ, ગાંધીનગર
ફોન : ૨૩૨૪૬૦૦૭ ● સમય : સવારે ૮ થી ૧૨
જોઈએ છે શિક્ષક : B.Sc. B.Ed. દિન-૭માં અરજી કરવી.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.




Book Your Seat Now
FABULOUS FOODIES CLUB
Presents First time in Gandhinagar
Exclusive LIVE COOKING SHOW
Entry Pass available @ Rs. 300
LEARN DESSERTS & MOCKTAILS
on 29th May, 2016. Sunday
at CAMBAY RESORT, Time : 2:30 to 5:00 pm
Enrol and get Gift Vouchers worth Rs. 500



Chef
Kaninika Mehta
Ph. : 9879 977286
Organized by
Dipali Raval
Ph. : 98244 11720

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com